**ફટાકડો**

ચાઈનીઝ ફટાકડા, ચાઈનીઝ કલર, ચાઈનીઝ કપડાનો ત્યાગ કરો અને સ્વદેશી ચીજ વસ્તુઓને પ્રાધાન્ય આપી રાષ્ટ્રભક્તિનો પરિચય આપો.

RNI No. : GUJGUJ/2007/22708

Website : http://upbhogtasamachar.epapertoday.com

UPBHOGTA SAMACHAR
Postal Reg. No. SRT-702/2008-2010
Validity of License : 31.12.2010
Posting at Every Monday

# ઉપભોગતા સમાચાર

■ તંત્રી - ડી.સી. ભટ્ટ ■ વર્ષ : ૩ ■ અંક : ૪ ■ સળંગ અંક : ૧૦૨ ■ ઉપભોગતા સમાચાર (સાપ્તાહિક), સંવત : ૨૦૬૫, આસો વદ પડવો, સોમવાર ■ પાના - ૪, કિંમત : રૂા. ૩ ■ વા.લ. રૂા. ૧૫૦/- ■ તા. ૫ ઓક્ટોબર ૨૦૦૯, સુરત.
■ Upbhogta Samachar (weekly) ■ year - 3 ■ issue - 4 ■ Date : 5-10-2009, Monday ■ Page : 4, Price Rs. 3/- ■ A.S. Rs. 150/- ■
■ સંપર્ક કાર્યાલય : ૨૬૦, સત્તાધાર કોમ્પ્લેક્ષ, અંબિકા સોસાયટી વિભાગ-૨, જેરામ મોરારની વાડી પાછળ, કતારગામ, સુરત. ફોન : ૦૨૬૧-૨૫૩૩૭૬૨ ■ e-mail : upbhogta_samachar@yahoo.com ■ Mob. 98984 78454



૨ હરિદ્વારના ઐતિહાસિક સ્થળ





૩ સોનિયાને વિદેશી બાઈ અને રાજ ઠાકરેને જીન્નાહ તરીકે ઓળખાવતા બાલ ઠાકરે





૪ વિપક્ષ વધાવવા તૈયાર?




To,

## ફોટો સમાચાર



સુરતીઓનો પ્રિય તહેવાર ચંદી પડવા નિમિત્તે કરોડો રૂપિયાની ઘારી અને ભૂસું સુરતીઓ સારા-ખોટાની પરખ કર્યા વગર જ આરોગી જશે. ડુપ્લીકેટ ઘી, ડુપ્લીકેટ માવાના ઉપયોગથી બનતી ઘારી શરીર માટે પ્રાણઘાતક બની શકે છે. જોવાનું એ રહે છે કે સુરત મનપાના આરોગ્ય ખાતાએ ડુપ્લીકેટ ઘી કે ડુપ્લીકેટ માવાની ઘારી કેટલી પકડી? કેટલી મીઠાઈની દુકાનો પર કેસ કર્યો? કેટલા ગ્રાહકોને બચાવ્યા?



પોંડેચેરીમાં રેતીમાં બનાવેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને ત્રણ બંદરો દૃશ્યમાન થઈ રહ્યા છે. આ કૃતિ મશહુર સુદર્શન પટનાયકે બનાવી બાપુને શ્રદ્ધાંજલિની સાથે સાથે લોકોને પાણી અને વન સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.



મુંબઈના આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર પોપ સ્ટાર માઈકલ જેક્શનના મોટા ભાઈ જરમેન જૈક્શન અને ગાયક અદનાન સામી દૃશ્યમાન થાય છે. તેઓ ઈન્ટરનેશનલ મ્યુઝીક આલ્બમ રેકોર્ડ કરવા તરફ આગળ વધી રહ્યા છે.



વેક-અપ સિડ ફિલ્મમાં મુંબઈને બામ્બે કહેવાને કારણે ભડકેલા રાજ ઠાકરેની માફી માંગવા કરણ જોહર આવી પહોંચ્યો હતો.



હોલીવુડ ફિલ્મ અભિનેત્રી જુલિયા રોબટ્ર્સ એક ફિલ્મના શુટીંગ માટે ગુડગાઁવ પાસે મિર્જાપુર ગામમાં આવી પહોંચી હતી.

# ગ્રામ્યજનોનો 'અવાજ રૂંધાઈ' રહ્યો છે : સોનિયા

## પંચાયતી રાજ સિસ્ટમને લાચાર બનાવતી રાજ્ય સરકાર



નાગૌર (રાજસ્થાન): પંચાયતી રાજમાં અમલદારોની વધુ પડતી સક્રિયતા અંગે ચિંતા વ્યક્ત કરતાં કૉંગ્રેસનાં પ્રમુખ સોનિયા ગાંધીએ શુક્રવારે જણાવ્યું હતું કે દરેક પ્રકારના પ્રયાસ છતાં, ગ્રામીણ વહીવટની આ વ્યવસ્થા બગડી રહી છે અને ગ્રામ્યજનોનો 'અવાજ રૂંધાઈ' રહ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે અનેક રાજ્ય સરકાર રાજકીય હેતુસર સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં અને પંચાયતોમાં સમયસર ચૂંટણી નથી યોજતી અને તેથી પંચાયતી રાજ સિસ્ટમ લાચાર બની ગઈ છે.

સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે અનેક કારણસર જનતાનો 'અવાજ રૂંધાતો' હોવાથી ગ્રામીણ વહીવટીતંત્રની ભૂમિકા ઘણી જ મહત્ત્વની બની ગઈ છે. પંચાયતી રાજ વ્યવસ્થાની સુવર્ણજયંતીની ઉજવણી નિમિત્તે અહીં યોજાયેલી રેલીને સંબોધતા કૉંગ્રેસનાં પ્રમુખે જણાવ્યું હતું કે મારા પતિ રાજીવ ગાંધીએ પંચાયતી રાજ સિસ્ટમને મજબૂત બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેમને ગ્રામીણ વિસ્તારના લોકોની ખરાબ પરિસ્થિતિ જોઈને દુ:ખ થતું હતું અને તેમણે ગરીબ લોકોનું જીવનધોરણ સુધારવા માટે કાર્ય કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પંચાયતી રાજ સિસ્ટમ મજબૂત બનાવવાથી આજે દેશની બાર લાખ મહિલા તેઓની વાત મુક્ત રીતે કહી શકે છે. યુપીએનાં અધ્યક્ષાએ લોકોને રોજગારીની બાંયધરી આપતી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાને અને પંચાયતી રાજને વધુ મજબૂત કરવા અનુરોધ કર્યો હતો.

# ભારતીય હવાઈ દળને ચીન અને પાક. સામે ૫૦ સુખોઈની જરૂર



હજી પહેલી ઓક્ટોબરે જ ચીનના સામ્યવાદી શાસકોએ ૬૦મા રાષ્ટ્રીય દિને જબરદસ્ત લશ્કરી તાકાતનું પ્રદર્શન કર્યું હતું. ભારતના પડોશી દેશ ચીન અને પાકિસ્તાન પોતપોતાના હવાઈ દળની તાકાત વધારી રહ્યા છે ત્યારે ભારતે તેમની સામે પોતાના હવાઈ દળની ક્ષમતા વધારવા માટે ૫૦ 'સુખોઈ-૩૦ એમકેઆઈ'ની માગણી કરી છે. ભારતની પૂર્વ તથા પશ્ચિમી સરહદના રક્ષણ માટે કે ત્યાં કોઈ સંકટ આવી પડે તો મુકાબલો કરવા આમ કરવાની તાતી જરૂર છે. અગાઉનાં ૨૩૦ યુદ્ધજહાજ ઉપરાંત આ ૫૦ નવાં લડાકુ વિમાન માટે રશિયાનો સંપર્ક સાધવામાં આવ્યો છે. ૮.૫ અબજ ડૉલરનો સોદો થશે. અત્યાર સુધીમાં ૨૩૦માંથી ૧૦૫ સુખોઈ મળી ગયાં છે. આઈએએફના વડા એર ચીફ માર્શલ પી. વી. નાઈકે કહ્યું હતું કે હવાઈ દળને વધુ સુખોઈ ખરીદવામાં રસ છે.

પીપલ્સ લિબરેશન આર્મીની લશ્કરી તાકાતના પ્રદર્શન અને ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચે થયેલા યુદ્ધના પુનરાવર્તનની સંભાવના અંગે એર ચીફ માર્શલે કહ્યું હતું કે એવી શક્યતા જ નથી. આઈએએફે આધુનિકીકરણની ઝુંબેશના શ્રીગણેશ કરી દીધા છે.

# કાશ્મીરીઓને ખોળામાં બેસાડવા મથતું ચીન

શ્રીનગરઃ ચીન દ્વારા કાશ્મીરીઓને 'કાશ્મીરને અલગ રાષ્ટ્ર' માનીને વિઝા અલગ કાગળ પર આપવાની પ્રક્રિયા કોઈ નવી નથી, પરંતુ આવું લગભગ પાંચ વર્ષથી ચાલી રહ્યું છે.

અનેક કાશ્મીરીઓ આનો સ્વીકાર કરે છે, જેઓ સાદા કાગળ પર લાગેલા વિઝાના આધારે ચીન ઘણી વખત જઈ આવ્યા છે અને તેમને કોઈ વાર પણ ભારતીય અધિકારીઓએ રોક્યા નથી, પરંતુ હાલમાં ભારત સરકાર દ્વારા તેના ઉપર લાગેલા પ્રતિબંધને કારણે અનેક કાશ્મીરી વિદ્યાર્થીઓનું પ્રોફેશનલ કોલેજોમાં એડમિશન લટકી ગયું છે, જ્યારે બીજી તરફ વેપારીઓના પૈસા પણ ફસાઈ ગયા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ચીને ઈરાદાપૂર્વક કાશ્મીરને અલગ રાષ્ટ્ર માનીને કાશ્મીરવાસીઓને સાદા કાગળ પર વિઝા આપ્યા હતા, કારણ કે તે આવું કરીને પાકિસ્તાનને ખુશ કરવા માગતુ હતું. હવે એવું કંઈ રહ્યું નથી.

છેલ્લા બે મહિનાથી સાદા કાગળ પર લાગેલા વિઝાના આધારે કોઈને ચીનની યાત્રા કરવાની મંજૂરી આપવામાં આવી નથી. એક કાશ્મીરી વેપારી સુઝા અલ્તાફે જણાવ્યું હતું કે મને નવમી સપ્ટેમ્બરે ચીન જતા અટકાવવામાં આવ્યો હતો, કારણ કે ચીની રાજદૂતે મને સાદા કાગળ પર વિઝા આપ્યા હતા, નહીં કે મારા પાસપોર્ટ પર જે મારા ભારતીય હોવાની ઓળખ છે.

આવા અનેક વેપારીઓ અને વિદ્યાર્થીઓ ચીન જવા માગે છે, પરંતુ ચીની રાજદૂત દ્વારા સાદા કાગળ પર વિઝા આપવામાં આવ્યા છે જેને ભારતીય અધિકારીઓ માનવા માટે તૈયાર નથી. (સૌજન્ય - મુ.સ.)

# અફઘાનિસ્તાનમાં ભારતની વધતી જતી હાજરીથી ચિંતિત પાકિસ્તાન

ભારતે અફઘાનિસ્તાન સાથેના સંબંધ એટલા વધાર્યા છે કે પાકિસ્તાનને તો એમ જ લાગે છે કે અત્યારે

અફઘાનિસ્તાન ભારતનું થાણું અથવા તો છાવણી બની ગયું છે, તેમ ઈસ્લામાબાદના સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી સ્ટેશનના ભૂતપૂર્વ વડા મિલ્ટ બિયર્ડને જણાવ્યું હતું. આમ તો આ વિસ્તારમાં ઘણા દેશને રસ છે. ચીને અફઘાનિસ્તાનની તાંબાની ખાણમાં ૨૫ ટકા હિસ્સો લીધો છે. આ ઉપરાંત ચીન પાકિસ્તાનના ગ્વાદરમાં એક બંદર પણ બનાવી રહ્યું છે. અફઘાનિસ્તાનમાં રહેલી ભારતની હાજરીથી અકળાયેલા પાકિસ્તાને કદાચ એટલે જ તાલિબાન તથા લશ્કરે-એ-તૈયબા જેવાં આતંકવાદી જૂથોને પ્રોત્સાહન આપ્યું છે, તેમ આ અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું.

# સ્થિતિ સુધરી છે પણ આર્થિક સંકટનો અંત નથી આવ્યો: આઈએમએફ

નવી દિલ્હીઃ વૈશ્વિક અર્થતંત્રમાં મળતા સુધારાના સંકેતોને નાણાકીય કટોકટીનો અંત ન ગણી શકાય અને દેશોએ સુધારાનું ફલક સક્ષમ બનાવવાની નીતિ સાથે તૈયાર રહેવું જોઈએ એવો અભિપ્રાય બહુવિધ ધિરાણ એજન્સી આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) એ દર્શાવ્યો છે.

આઈએમએફના વડા અર્થશાસ્ત્રી ઑલીવર બ્લેન્ચાર્ડએ 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક' અહેવાલની જાહેરાત કરતા કહ્યું હતું કે વર્તમાન આંકડાથી સરકારોએ કટોકટી પૂરી થઈ હોવાના તરંગમાં ન રાચવું જોઈએ. ઑલીવરે વિશ્વના દેશોને વિશ્વમાં સંતુલન પ્રસ્થાપિત કરવા તેમ જ સુધારાના સક્ષમ ફલકનું લક્ષ્ય સિદ્ધ કરવા અનુરૂપ નીતિ તૈયાર કરવાનો અનુરોધ કર્યો હતો.

ઑલીવરની ટિપ્પણી જી-૨૦ રાષ્ટ્રોની પરિષદમાં સ્ટિમ્યુલસ પેકેજ કે પ્રોત્સાહનના પગલાં તત્કાળ પાછાં ન ખેંચી લેવા અને આ રાષ્ટ્રો વચ્ચે સહયોગી પગલાં લેવા અંગે સધાયેલી સર્વસંમતિના સંદર્ભમાં મહત્ત્વની છે. આઈએમએફએ તેના વૈશ્વિક અર્થતંત્ર માટેના સંજોગો વિશેના અહેવાલમાં જણાવ્યું છે કે વિશ્વની પ્રવૃત્તિ ફરી સક્રિય બની છે, પરંતુ વિશ્વનો આર્થિક વિકાસનો વિશ્વનો આર્થિક વિકાસદર ૨૦૦૯માં (-) ૧.૧ ટકા જેવા નેગેટિવ ઝોનમાં રહેવાની શક્યતા છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં વિશ્વનો આર્થિક વિકાસદર ૦.૩ ટકાના સ્તરે રહેવાના આઈએમએફના અંદાજ બાદ વિકાસદર નેગેટિવ ઝોનમાં રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે. આઈએમએફના નિર્દેશ અનુસાર તીવ્ર મંદી બાદ જાહેર દરમિયાનગીરીના સહયોગથી માગને ટેકો મળતાં અને અનિશ્ચિતતામાં ઘટાડો થતાં વિશ્વનો આર્થિક વિકાસનો પોઝિટિવ કે હકારાત્મક ઝોનમાં પ્રવેશ થયો છે, પરંતુ સુધારાની પ્રક્રિયા મંદ રહેવાની શક્યતા છે, કારણ કે નાણાકીય સિસ્ટમ પાંગળી રહી છે અને જાહેર નીતિનો ટેકો ક્રમેક્રમે પાછો ખેંચી લેવામાં આવશે. ભારત અને ચીન જેવાં વિકાસશીલ અર્થતંત્રોના સુધારા પ્રેરિત વિકાસ પ્રક્રિયા ફરી શરૂ થઈ છે. ભારતીય અર્થતંત્રને સંબંધ છે ત્યાં સુધી આઈએમએફએ ૨૦૦૯માં ભારતનો આર્થિક વિકાસદર ૫.૪ ટકા અને ૨૦૧૦ના વર્ષમાં ભારતનો વિકાસદર ૬.૪ ટકા રહેવાનો અંદાજ રજૂ કર્યો છે.

# ૧૦૦ વરસમાં સૌથી વધુ ગરમ રહ્યો સપ્ટેમ્બર!



જમીનનું વધી રહેલું તાપમાન અને જળવાયુ પરિવર્તનની સૌથી વધુ અવળી અસર હવામાનના ચક્ર પર હવે સ્પષ્ટ દેખાવા લાગી છે. આ વર્ષના સપ્ટેમ્બર મહિનાને જ જોઈ લો. સપ્ટેમ્બર મહિનો આવે ત્યાં સુધી ગરમી પૂર્ણ થઈ જાય છે અને શરદઋતુની શરૂઆત થઈ જાય છે, પણ આ વખતે આવું થયું નથી. જુલાઈ મહિનામાં સૌથી ઓછો વરસાદ થયો. ઓગસ્ટમાં સખત ગરમી સહન કર્યા બાદ લોકોને સપ્ટેમ્બર મહિનામાં થોડી રાહત થાય એવી આશા હતી પણ એનાથી તદ્દન વિપરીત થયું. મળેલી આંકડાકીય માહિતી મુજબ આ વર્ષનો સપ્ટેમ્બર મહિનો છેલ્લાં ૧૦૦ વરસમાં સૌથી વધુ ગરમ રહ્યો હતો. માત્ર ભારત જ નહીં, પણ ઈંગ્લેન્ડના લંડન, હેમ્પશાયર અને પૂર્વ અને ઉત્તર સ્કોટલેન્ડના લોકોને પણ ખરાબ હવામાનનો સામનો કરવો પડ્યો હતો. બ્રિટનના હવામાન નિષ્ણાત ફિલિપ એડને જણાવ્યું કે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ૧૯૯૭ બાદ સૌથી વધુ સૂકો સપ્ટેમ્બર રહ્યો હતો. જોકે એમણે ઓક્ટોબરમાં હવામાનમાં સુધારો આવવાની શક્યતા વ્યક્ત કરી છે.

# ૫૯ ટકા બિહારી વિદ્યાર્થી તમાકુના બંધાણી



પટણાઃ બિહારમાં શાળામાં ભણતા આશરે ૫૯ ટકા વિદ્યાર્થીઓ તથા વસ્તીના ૬૦ ટકા લોકો વિવિધ સ્વરૂપે તમાકુ ઝાપટે છે. જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરવા પર પાબંદી લાદવાને એક વર્ષ થવા અવસરે યોજાયેલી એક કાર્યશાળામાં આ ઘટસ્ફોટ કરાયો હતો.

બિહાર વોલ્યુન્ટરી હેલ્થ એસોસિએશન (બીવીએચએ) દ્વારા આયોજિત એક સમારંભમાં આરોગ્ય સેવા વિભાગના માજી ડિરેક્ટર-ઈન-ચીફ મહાવીર દાસે કહ્યું હતું કે 'હૂ'ના અહેવાલ અનુસાર બિહારમાં ૮થી ૧૦મા ધોરણમાં ભણતા ૫૮.૯ ટકા વિદ્યાર્થીઓ જુદી જુદી રીતે તમાકુ ખાય છે. જ્યારે કુલ જનસંખ્યાના ૬૦ ટકા તમાકુ ખાતા હોય છે.

વિશ્વભરમાં તમાકુ સંબંધિત રોગોને લીધે આશરે ૫૪ લાખ લોકો મૃત્યુ પામે છે તથા ૨૦૩૦ સુધીમાં આ આંકડો એક કરોડને આંબી શકે એમ છે. માત્ર દક્ષિણ એશિયામાં જ ૭૦ લાખ આ રોગને લીધે મોતને ભેટે છે, એમ દાસે જણાવ્યું હતું. ભારતમાં તમાકુ સંબંધિત રોગોને લીધે ૧૦ લાખ લોકોનાં મોત નીપજે છે.